
# જન્મદિને વધામણી


કેશરીસિંહ જી. બિહોલા
પ્રમુખ, ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ
મો. ૯૯૭૪૫ ૨૫૬૨૮


વિજયસિંહ માજીરાણા
સામાજિક કાર્યકર
હેપ્પી યુથ કલબ
મો. ૯૭૩૭૨ ૪૨૧૦૩


નયન મધુકર
પ્રમુખ, લાયન્સ કલબ ઓફ ગાંધીનગર
મો. ૯૮૯૮૩ ૩૮૧૪૧


ચંચળબેન બાબુભાઈ મેસરવાલા


આદિત્ય અનિલકુમાર નાયી
મો. ૯૯૨૪૧ ૪૯૩૩૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

# ગેરરીતિમાં પકડાયેલા વિદ્યાર્થીઓની હવે મૌખિક પરીક્ષા લેવામાં આવશે

અમદાવાદ,તા.૩૧

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચમાં લેવાયેલી ધો.૧૦ની પરીક્ષાનું પરિણામ તાજેતરમાં જ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં સીસીટીવી દ્વારા કુલ ૧,૨૩૧ કેસ અને શિક્ષકો દ્વારા ૧૦૫ કેસ પરીક્ષામાં ગેરરીતિ બાબતે પકડાયા છે.

હાલમાં કોપી કેસમાં પકડાયેલા વિદ્યાર્થીઓને બોર્ડ સમક્ષ હિયરિંગ માટે બોલાવવામાં આવશે. આ વિદ્યાર્થીઓની બોર્ડના સત્તાધીશો દ્વારા ફરી ક્ષમતા કસોટી અને વિષય જ્ઞાનની ચકાસણી કરવાના ભાગે મૌખિક પરીક્ષા લેશે તેનું મુખ્ય અને ચોંકાવનારું કારણ છે થિયરી અને એમસીકયુ માર્ક વચ્ચેનો મોટો તફાવત. આ ગેરરીતિના કેસોની મુખ્ય બાબત એ છે કે કલાસ રૂમમાં શિસ્તનો અમલ કરતા શિક્ષકોની હાજરી હોવા છતાં પણ કોપી કેસોની સંખ્યામાં વધારો થયો છે. પરીક્ષા અને પરિણામમાં સંભવિત ગેરરીતિઓ અને દેખીતી રીતે જણાઈ આવતી વિસંગતતા પકડી પાડવા માટે બોર્ડ દ્વારા એક ખાસ સોફટવેરની મદદ લેવામાં આવે છે. ગત વર્ષે આ સોફટવેર ઈન્સ્ટોલ કરાયો છે. જેમાં શંકાસ્પદ વિદ્યાર્થીઓના થિયરી અને વૈકલ્પિક આધારિત પ્રશ્નોના માર્કનો અસામાન્ય તફાવત પકડાઈ જાય છે.

બોર્ડની તપાસમાં બહાર આવ્યું છે કે વિદ્યાર્થીઓની દ્રષ્ટિએ અઘરા ગણાતા વિષયો ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીમાં માસ કોપી થઈ છે. જેથી સામૂહિક ચોરીના આ કિસ્સામાં બોર્ડે તપાસ આદરી છે. જેમાં મોટા ભાગના વિદ્યાર્થીઓના માર્કમાં થિયરી અને એમસીકયુમાં મોટો તફાવત દેખાયો છે.

## ધો.૧૨ની પૂરક પરીક્ષા ૯ જુલાઈએ

ગાંધીનગર, તા. ૧

ધો.૧૨ની પરીક્ષામાં એક વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા ૯મી જુલાઈએ યોજાશે. ધો.૧૨માં એક જ વિષયની પૂરક પરીક્ષા લેવામાં આવતી હોઈ એક જ દિવસમાં પૂરક પરીક્ષા પૂર્ણ કરવાનું આયોજન છે. એક વિષયમાં નાપાસ થયેલા ૮૮,૨૦૭ વિદ્યાર્થી જુલાઈમાં લેવાનારી પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે. પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થવા માગતા વિદ્યાર્થીઓના આવેદનપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૧ જૂન છે. ધો.૧૨માં માત્ર એક જ વિષયમાં નાપાસની પૂરક પરીક્ષા લેવામાં આવતી હોઈ એકથી વધુ વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવા માગણી ઉઠી હતી.

# પ્રેરણા વિદ્યાલયનું ગૌરવ


અંકિતા પી વાઘેલા


કોમલ જી શ્રીમાળી


નેહલ એન વાઘેલા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરના સેક્ટર-૫ એ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલયનું માર્ચ, ૨૦૧૮માં લેવાયેલી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનું પરિણામ ૮૪.૪૪ ટકા આવ્યું છે. શાળાની વિદ્યાર્થિની અંકિતા પી વાઘેલા ૯૨.૯૪ ટકા પર્સેન્ટાઈલ સાથે પ્રથમ ક્રમે, કોમલ જી શ્રીમાળી ૭૫.૫૬ પર્સેન્ટાઈલ સાથે બીજા ક્રમે અને નેહલ એન વાઘેલા ૭૨.૦૮ પર્સેન્ટાઈલ સાથે શાળામાં તૃતિય ક્રમે રહી છે. પ્રેરણા વિદ્યાલયના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા અને આચાર્ય મનીષભાઈ ખત્રીએ શાળા પરિવાર વતી ઉત્તીર્ણ થનારા સૌ વિદ્યાર્થીઓને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી છે.

# ઉચ્ચ પરિણામ કરનારા સામાન્ય પરિવારના વિદ્યાર્થીઓ

**મજૂરી કરી ગુજરાન ચલાવનારના પુત્રએ ૯૯.૯૯ પીઆર મેળવ્યા**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ગોંડલમાં રહેતા ઉમરાળીયા ઋત્વિકે સમગ્ર ગુજરાત બોર્ડમાં ૯૯.૯૯ઁઈ સાથે પ્રથમ સ્થાન મેળવી ઉચ્ચત્તમ સિદ્ધિ મેળવી છે. ૭૦૦માંથી ૬૬૫ માર્કસ મેળવી ગોંડલ કેન્દ્રમાં રેકોર્ડ સર્જ્યો છે, ગોંડલના ઈતિહાસનો આ પ્રથમ વિદ્યાર્થી છે કે જેમણે ૭૦૦ માંથી ૬૬૫ માર્કસ મેળવેલ છે. ઋત્વિકના કહેવા મુજબ તેમના પિતા ફેબ્રીકેશનમાં મજૂરી કરી ઘરનું ગુજરાન ચલાવે છે. તેમજ ભાડાનાં મકાનમાં રહે છે. છતાં તેઓ દિવસ-રાત એક કરી મને ભણાવી રહ્યા છે, મારે ઝઈ બનવું છે.

ઋત્વીકે વધુમાં જણાવ્યું હતું કે, સ્કૂલના ચેરમેનને અમારા ઘરની પરિસ્થિતિની જાણ થતા મારા માતા-પિતાને બોલાવી ફીમાં મોટી રાહત કરી આપી હતી. તેમજ મારી સ્કૂલના સંચાલકો, આચાર્ય, શિક્ષકોએ મને સતત મોટિવેશન તેમજ પ્રોત્સાહન આપી મારો આત્મવિશ્વાસ વધાર્યો હતો. આથી જ હું સફળતાનાં શિખરો સર કરી શક્યો.

**સીલાઈકામ કરીને ગુજરાન ચલાવનારની પુત્રીએ ૯૯.૪૫ પીઆર મેળવ્યા**

અતિસામાન્ય પરિવારમાંથી આવતી એક દીકરીએ આ પરીક્ષામાં શ્રેષ્ઠ પ્રદર્શન દર્શાવી ૯૯.૪૫ પરસેન્ટાઈલ પ્રાપ્ત કર્યા છે. લક્ષ્ય જ્યારે માણસનું ઉંચુ હોય ત્યારે સાક્ષાત ભગવાન તે મનુષ્યને મદદ કરે છે. અને આ દીકરીના જીવનમાં પણ કંઈક આવી જ વાત જોવા મળે છે. સાવ સામાન્ય પરિવારમાંથી આ દીકરીએ આજે પોતાના કામની સાથે અભ્યાસ કરીને એક ઊંચી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. અને એટલા માટે જ આજે આ દીકરી અનેક વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ બની છે.

વાત છે અમદાવાદના હાટકેશ્વર વિસ્તારમાં રહેતા સુકેશ જૈનની દીકરી જાનવીની. હાટકેશ્વર વિસ્તારની રાજા ભગત શાળામાં અભ્યાસ કરતી જાનવીએ ૧૨ ધોરણની પરીક્ષામાં ૯૯.૪૫ પર્સેન્ટાઈલ સાથે ટોપ કર્યું છે. આ દીકરી ખૂબ જ સામાન્ય પરિવારમાંથી આવે છે. પિતા ઝેરોક્ષની દુકાનમાં નોકરી કરે છે અને માતા ઘરે સીલાઈકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. પરંતુ કહેવાય છે હિંમતે મદા તો મદદે ખુદા. જે વ્યક્તિ હિંમત રાખીને પોતાના લક્ષ્યને સિદ્ધ કરવાના કામમાં લાગી જાય છે તેની મદદ ભગવાન કરે છે. આ ઘરે સીલાઈકામ કરવાની સાથે અભ્યાસ પણ કરતી અને એ પણ કોઈપણ જાતના ટ્યૂશન વગર. પોતાની દીકરીએ આ સફળતા પ્રાપ્ત કરતા હાલ તો પરિવાર સહિત આસપાસમાં રહેતાં લોકોમાં પણ આનંદની લાગણી વ્યાપી ગઈ છે.

**સફાઇ કામદારની પુત્રીએ ૮૯ ટકા મેળવ્યા**

રાજ્યના કુલ ૫૫.૫૫ ટકા પરિણામમાં સૌથી વધુ ૭૭.૩૨ ટકા સાથે ડાંગ જિલ્લાએ બાજીમારી છે, ત્યારે સામાન્ય પ્રવાહના પરિણામમાં પણ વિદ્યાર્થીનીએ મોખરે છે. અમદાવાદના એક ગરીબ પરિવારમાંથી આવતી ભૂમિકા ઠાકોરે પણ ટોપર્સમાં સ્થાન મેળવ્યું છે. પિયુન પિતા અને સફાઈ કામ કરતી માતાની દીકરી ભૂમિકાએ ૮૯ ટકા મેળવ્યા છે. ખાસ કરીને આ પરિવાર પાસે દીકરીને ભણાવવા માટે પણ પૈસા ન હતાં, ઓળખીતાઓની મદદથી તેમણે દીકરીને ભણાવી હતી.

પિતા પિયુનનું કામ કરે છે અને મમ્મી સફાઈ કામ કરે છે છતાં દીકરીએ ધોરણ-૧૨ કોમર્સમાં ૮૯ ટકા મેળવીને પરિવારનું નામ ઉજાગર કર્યું છે. શહેરના સીટીએમ વિસ્તારમાં આવેલી જીવનદીપ સ્કૂલમાં અભ્યાસ કરતી ઠાકોર ભૂમિકા સોમાભાઈ અગાઉ ધોરણ-૧૦માં પણ ૯૪.૯૫ ટકા લાવીને બોર્ડની ટોપર બની હતી. ફરી એકવાર ધોરણ-૧૨ કોમર્સમાં ૮૯ ટકા સાથે ટોપર્સની યાદીમાં આવી ગઈ છે.

ભૂમિકાના પિતા સોમાભાઈ ખાનગી કંપનીમાં પિયુનની નોકરી કરે છે અને ચાર-પાંચ હજાર રૂપિયા પગાર મેળવે છે. જ્યારે મમ્મી નિશાબેન પણ સફાઈ કામ કરી મહિને બે ત્રણ હજાર રૂપિયા મળે છે. દીકરીને ભણાવવા માટેના પૈસા ન હોવાથી ઓળખીતાઓએ ફી ભરવા માટે પૈસા આપ્યા હતા. ભૂમિકાને નર્સિંગમાં આગળ અભ્યાસ કરી લોકોની સેવા કરવા માગે છે.

**સાવરણી વેચનાર પિતાની પુત્રીએ ૯૯.૯૮ પીઆર મેળવ્યા**

કોઈપણ ક્ષેત્રમાં સફળતા મેળવવા માટે સાચી લગન અને મહેનત જરૂરી છે. તે બાબતને અગાઉ અનેક સામાન્ય પરિવારમાંથી આવતા વિદ્યાર્થીઓ વિવિધ પરીક્ષાઓમાં સાબિત કરી ચુક્યા છે. ત્યારે શહેરમાં સાવરણી વેચી ગુજરાન ચલાવતા પરિવારની દીકરીએ વધુ એકવાર આ વાતને સાચી ઠેરવી છે. ધોરણ-૧૨ના આજે જાહેર થયેલા પરિણામમાં સામાન્ય પરિવારની સલોની ગણાત્રા ૯૯.૯૮ઁઈ મેળવી ઝળકી ઉઠી છે. આગળ જતાં સલોનીં છજી બનવા ઈચ્છતી હોવાનું તેણીએ જણાવ્યું હતું.

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં સાવરણી વેચી ઘરનું ગુજરાન ચલાવતા પરિવારની દીકરીએ માતા-પિતાનું નામ રોશન કર્યું છેં. છજી બનવા ઈચ્છતી સલોની ગણાત્રાએ બોર્ડમાં ૯૯.૯૮ઁઈ પ્રાપ્ત કર્યા છે. પોતે પરિવારના સપોર્ટથી એક બાદ એક સફળતાના શિખર હાસિલ કરી રહી હોવાનું તેણીએ જણાવ્યું હતું. તેમજ સફળતા મેળવવા માટે માત્ર સાચી દિશામાં મહેનત કરવી જરૂરી હોવાનું પણ તેણીએ કહ્યું હતું.

ધોરણ ૧૨ના જીએચએસઈબી (ઉચ્ચતર માધ્યમિક બોર્ડ)ના સામાન્ય પ્રવાહનું આજે પરિણામ જાહેર થયું છે. આજે સવારે ૮ વાગે જાહેર થયેલા પરિણામમાં ડાંગ જિલ્લા ૭૭.૩૨ ટકા પરિણામ આવ્યું છે જે રાજ્યભરમાં સૌથી વધુ છે. જ્યારે સૌથી નીચુ પરિમામ છોટા ઉદેપુર જિલ્લાનું આવ્યું છે. ગુજરાતનું કુલ પરિણામ ૫૫.૫૫ ટકા રહ્યું છે. માર્ચ ૨૦૧૮માં ૫૦૫ કેન્દ્રો અને પેટાકેન્દ્રો પર લેવાયેલી આ પરીક્ષામાં કુલ ૪૬૭૧૦૦ (પૃથ્થક મળી ૪૭૪૫૦૭) પરીક્ષાર્થીઓ નોંધાયા હતા જે પૈકી ૨૫૫૪૧૪ (પૃથ્થક મળી ૨૬૦૨૬૩) પરીક્ષાર્થીઓ પાસ થયા હતા.

# સ્વ. વિનોદ ભટ્ટને સળંગ સાત દિવસ હાસ્યસભર અંજલી

## વિનોદ સપ્તાહ પૂર્ણાહુતિ પ્રસંગે એમનાં પુત્ર-પુત્રીઓની ઉપસ્થિતિ : સ્વ. વિનોદ ભટ્ટની પ્રિય એવી પિસ્તા કુલ્ફી પુત્રવધૂ વૈદેહી ભટ્ટ દ્વારા સર્વ ભાવકોને પ્રસાદ તરીકે અપાઈ

ગાંધીનગર, તા. ૧

ગુજરાતના પ્રસિદ્ધ હાસ્ય લેખક વિનોદ ભટ્ટનું ૨૩ મેના રોજ વૈકુંઠમાં પ્રસ્થાન થયું. વિનોદ ભટ્ટના અંતિમ ક્ષણોના સાથી અને નિકટના મિત્ર કવિ ભાગ્યેશ જહા દ્વારા 'વિનોદ સપ્તાહ' જેવા યુનિક વિચારને અમલમાં મૂકાયો. ગાંધીનગર સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજય થોરાતે આ વિનોદ સપ્તાહ માટે વિનોદ ભટ્ટના ભાવકોને આમંત્રી સળંગ સાત દિવસ સ્વર્ગસ્થ લેખકને હાસ્યાંજલી અર્પણ કરી.

વિનોદ ભટ્ટનાં પુસ્તકો વિનોદ વિમર્શ, વિનોદ કથા, વિનોદ ભટ્ટના હાસ્ય નિબંધો, વિનોદની નજરે અને એવા રે અમે એવા રે જેવાં પુસ્તકોની પોથી બનાવી કવિ ભાગ્યેશ જહાની વ્યાસપીઠે આ નોખી-અનોખી સપ્તાહ ચાલી. કોઈ વિષાદ-આંસુ વગર એમની વાતો, વાર્તા, લેખો સળંગ કલાક સુધી ચાલે અને અંતે આઈસક્રીમના પ્રસાદ સાથે પૂર્ણાહુતિ થાય.

વિનોદ સપ્તાહની ગઈકાલે પૂર્ણાહુતિ થઈ. આ પ્રસંગે એમના પુત્ર સ્નેહલ ભટ્ટ, પુત્રવધૂ વૈદેહી,



પુત્રીઓ મોના અને વિનસ ઉપસ્થિત રહ્યાં હતાં. સંજય થોરાતે સમગ્ર સપ્તાહનો અહેવાલ રજૂ કર્યો. મનોજ શુક્લએ કાર્યક્રમનું સંચાલન કર્યું. સ્નેહલ ભટ્ટે એમના પિતા વિનોદ ભટ્ટની અંતરંગ વાતો રજૂ કરી.

પ્રશ્નોત્તરી દરમિયાન બિલકુલ નિખાલસપણે એમની વાતોથી બધાંને હસાવ્યાં. એમની અમુક લાગણીસભર વાતોથી એમનાં બહેનોની આંખો ભીંજાઈ ગઈ હતી.

વિનોદ સપ્તાહ દરમિયાન કિશોર જીકાદરા, ડૉ. કેશુભાઈ દેસી, હર્ષદ શાહ, નટવર હેડાઉ, પ્રતાપસિંહ ડાભી, મનોજ શુક્લ, ડૉ. કનૈયાલાલ ભટ્ટ, દિપક ત્રિવેદી, હર્ષિદા ત્રિવેદી, રક્ષિત પંડિત, નિપુણ ચોક્સી, પ્રજ્ઞા પટેલ, પંકજ ગાંધી, રણછોડ પરમાર, રોહિણી પરમાર, નિલેષ થાનકી, અશ્વિન પંડ્યા, ડૉ. કિરીટ શુક્લા, ડૉ. અંજના બારોટ ઉપસ્થિત રહ્યાં હતાં.

સળંગ સાત દિવસ સુધી લેખકને અપાયેલી હાસ્યાંજલીના છેલ્લા દિવસે વિનોદ ભટ્ટનાં પુત્રવધૂ વૈદેહી દ્વારા ભાવકોને પિસ્તા કુલ્ફી પ્રસાદમાં આપવામાં આવી હતી, જે વિનોદ ભટ્ટને અતિપ્રિય હતી. ઉલ્લેખનીય છે કે કોઈ સ્વર્ગસ્થ લેખકને અંજલી અર્પવા માટે સપ્તાહનું આયોજન કરાયાનો આ પ્રથમ પ્રસંગ હતો.

# બોર્ડનું પેપર તપાસનારા શિક્ષકોની ટોટલિંગમાં ૪૦ હજાર ભૂલો !!

## ૨.૫ લાખ વિદ્યાર્થીઓ નાપાસ થયા, પરિણામની ઝીણવટભરી તપાસમાં ખૂલ્યું કે પેપર તપાસનારા શિક્ષકોનું પણ ગણિત તો કાચું જ છે

અમદાવાદ, તા.૧

આ વર્ષે ધોરણ ૧૦ના ગણિતના પેપરમાં ૨.૫ લાખ વિદ્યાર્થીઓ નાપાસ થયા. પરિણામની ઝીણવટભરી તપાસમાં ખૂલ્યું કે પેપર તપાસનારા શિક્ષકોનું પણ ગણિત તો કાચું જ છે, કારણ કે આ શિક્ષકોએ ટોટલ કરવામાં ખૂબ ભૂલો કરી છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે ધોરણ ૧૦નું પેપર તપાસતાં શિક્ષકોએ ટોટલિંગમાં કરેલી ૪૦,૦૦૦ ભૂલો પકડી પાડી છે. ૩,૫૦૦ કેસ એવા છે જેમાં ૧૦ માર્કસ કે તેનાથી વધારે માર્કસની ભૂલ કરી હોય. આ આંકડો વિદ્યાર્થીઓના ઓવરઓલ પરિણામ પર અસર પાડે છે.

આ આંકડો ગત વર્ષે થયેલી ભૂલોના બે ગણા કરતાં પણ વધારે છે. બોર્ડના સત્તાધિશોએ સ્વીકાર્યું છે કે જો આ ભૂલોને સુધારવામાં ન આવે તો વિદ્યાર્થીઓ સાથે અન્યાય ગણાશે. આ વર્ષે યોજાયેલી SSCની પરીક્ષામાં ૧૧.૦૨ લાખ વિદ્યાર્થીઓ બેઠા હતા અને લગભગ ૧૨,૦૦૦ જેટલા શિક્ષકો પેપર તપાસવાની કામગીરીમાં હતા. બોર્ડે સ્વીકાર્યું કે શિક્ષકોએ એકી સંખ્યા ઉમેરવામાં પણ ભૂલો કરી છે. તેમણે કહ્યું કે, "શિક્ષકોએ હદ વિનાની ભૂલો ટોટલિંગમાં કરી છે. દાખલા તરીકે, ૨+૩+૧=૬ થાય તો તેના બદલે ૧૬ માર્ક આપ્યા છે. તે જ પ્રકારે ૪+૨+૬+૩=૧૫ થાય તેના બદલે ૩૪ માર્ક આપ્યા છે."

GSHEBના OSD (ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યૂટી) એમ.એમ પઠાણે જણાવ્યું કે, "એક વિદ્યાર્થીને ૫૦માંથી ૨૫ માર્ક્સ આપવામાં આવ્યા છે, જ્યારે હકીકતમાં તેણે ૨.૫ માર્ક જ મેળવ્યા છે. તો બીજી તરફ જે વિદ્યાર્થીએ ૩૭ માર્ક મેળવ્યા હતા તેને માત્ર ૨૭ માર્ક્સ આપ્યા છે. પેપર તપાસવામાં વધતી જતી શિક્ષકોની ભૂલો ચિંતાનું કારણ છે. સદનસીબે જ્યારે ફાઈનલ રિઝલ્ટ બનાવાય છે ત્યારે ડેટા એન્ટ્રી કરતી વખતે ક્રોસ ટોટલિંગ કરવામાં આવે છે."

# નકારાત્મક ઊર્જાનું વરવું સ્વરૂપ : મહિલા પર ઘરેલૂ હિંસા



જે કર ચલાવે પારણું એ જ જગત પર શાસન કરે એવી વાતો વાંચવામાં, સાંભળવામાં આનંદ આવે છે. મા તે મા બીજા બધા વગડાના વા - દિલને ગમી જાય તેવી કહેવત. ભગવાન સર્વ જગ્યાએ પહોંચી શકતો નથી એટલે એણે માતાનું નિર્માણ કર્યું છે, દીકરી કાળજાનો કટકો અને દિલમાં પ્રકાશ આપતો તુલસીક્યારાનો દીવડો... આ બધી વાતો જાણીને હૃદયમાં હર્ષ થાય અથવા મનને ગમી જાય છે પરંતુ દુનિયાની હાલની સ્થિતિ એટલી ઝડપથી બગડી રહી છે કે વ્યક્તિ વિચારશૂન્ય થઈ જાય છે. એમ લાગે છે કે કરૂણાની જગ્યા ક્રૂરતાએ લઈ લીધી છે.

સ્ત્રી-પુરુષ સંસારરથનાં બે ચક્રો છે, એ બરાબર-યોગ્ય ગતિથી ચાલે તો કશો સવાલ રહેતો નથી. પરંતુ હવે આવું બનતું જ નથી. સ્ત્રીદાક્ષિણ્યહિન સમાજ અંતે ગંધાઈ ઊઠે અને જીવતા જ નર્ક જેવું વિશ્વ બને તે સત્ય વાત છે. મહિલાની મહાનતા કદી કોઈપણ પુરુષની દેન કે ભેટ નથી. મહિને શક્તિસ્વરૂપા નારી ગણી ક્રમશઃ તેની હવે લાજ રાખવાનું પણ અટકી ગયું છે. માતાજીને નમન કરનાર દારૂ પીને નારી ઉપર દમન કરનારા પ્રતિદિન વધતા જ જાય છે. સ્ત્રી કામુકતા સંતોષવાનું એક સાધનથી વધુ કંઈ નથી તેવી દ્દષ્ટિથી જ વ્યવહાર થઈ રહ્યા છે. સભ્ય સમાજમાં મહિલા અત્યાચાર, ઉત્પીડન, હિંસાચાર સતત વધી રહ્યા છે. તો આવું શા માટે થઈ રહ્યું છે? આ અતિ ચિંતન કરવાનો એક ગંભીર પ્રશ્ન છે. મહિલા જ જગત ઉપર શાસન કરી શકે પણ એવું થયું નથી.

વિશ્વભરમાં નારી એ ઈશ્વરની એક એવી અનુપમ કૃતિ છે કે તેને ખુદ રચનાર નથી સમજી શક્યા કે નથી તેની સાથે જીવન જીવનાર! સ્ત્રીને સમજવાનું અતિ વિકટ છે અને પ્રેમથી સતત ભીંજવવાનું પુરુષ માટે સદાય અશક્ય છે. એટલે જ પ્રત્યેક ઘરના ઉંબરે નારીનાં અશ્રુઓ રોજ ઝાકળની જેમ સરી પડતા હોય છે. અપેક્ષા વિરુદ્ધ વાસ્તવિકતાનો ખરો


**જીવન ઉપવન**
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

જંગ એ આજના સ્ત્રી-પુરુષનું સહજીવન છે. એક સુંદર શેર આ હકીકતને બયાન કરે છે :

કભી ના મીલી
પર સાથ-સાથ ચલી
યે પટરિયાં
મુજે અપની કહાની લગી

મહિલાઓ ઉપરનાં દમન-હિંસા-ઘરેલૂ હિંસા વધી રહ્યાં છે. થોડા સમય પહેલાં અમદાવાદના એક પરિવારમાં આવી ઘટના સીસીટીવી કૅમેરામાં કેદ થઈ, જે વિવિધ ચૅનલ્સ પર સમાચાર તરીકે જોવા મળી તો હૈયું કંપી ગયું. વિચાર આવ્યો કે આપણે ક્યાં પહોંચી ગયા છીએ ? એમાંય નાના બાળકને આ મારપીટ જોઈને પુષ્કળ આઘાતથી આમતેમ ફરતો જોઈને અત્યંત દુખ અનુભવાયું.

નારી અત્યાચારના મૂળમાં જે કારણો છે તે આ મુજબ છે :

- પુરુષપ્રધાન સમાજરચનામાં પુરુષનો અહમ
- પરિવારના વિકૃત આર્થિક વ્યવહાર તથા તંગ સ્થિતિ
- વ્યક્તિગત મહિલા પરત્વેની ઘૃણા, નફરત અને વેરવૃત્તિ
- મહિલાઓનું વધુ પડતું સ્વચ્છંદી જીવન કે વર્તન
- વ્યક્તિગત ઉછેરમાં રહી ગયેલી વૈચારિક ખામીઓ, વિકૃતિઓ
- મીડિયા, ટીવી, સિનેસૃષ્ટિની નકારાત્મક અસર
- પારિવારિક જીવનમાં થતી તુલનાત્મક ચર્ચા, મતભેદ
- કથળતું જતું જનમાનસ અને ચારિત્ર્ય
- શારીરિક સુખને પ્રેમનું સ્થાન અપાઈ રહ્યું છે
- નબળી પડતી જતી કૌટુંબિક પરંપરા અને ઘટતું ઐક્ય

જેની જોડે રહેતા હો તેનો પ્રેમ તમે સમજી ના શકો અને તમે જેને પ્રેમ કરતા હો તે તમારો પ્રેમ સમજી ના શકે ત્યારે જીવનમાં ભૂકંપ આવી શકે છે.

નારી જે કદી નથી હારી કારણ કે તેની ઉપર વારી છે દ્દષ્ટિ મુરારિની. ભગવાનને પૃથ્વી ઉપર જન્મ લેવો હોય તો પણ નારી વિના એ શક્ય નથી. મહિલા મહાન છે જ કારણ કે તે પોતાના દેહમાંથી આત્માવાળો દેહ આપે છે. હવે આ પ્રકારના દેહ ઉપર ઝુલ્મ કે અત્યાચાર થાય તો ઈશ્વર તેને બક્ષે ખરો ? કડવી હકીકતો કમ થતી નથી એ જ વિશ્વનું સાચું દર્દ છે.

આંગન મેં હોતી
તો હમ ગીરા ભી દેતે
કમબખ્ત આદમીને
દિવાર દિલ મેં ઊઠા રખ્ખી હૈ

માતા, બહેન, પત્ની વગેરે દરેક સ્વરૂપમાં નારી નારાયણી હોવા છતાં તેની ઉપર પુષ્કળ ઘરેલૂ હિંસા થઈ રહી છે ત્યારે સભ્ય સમાજને અપીલ છે કે જરા વિચારો અને વર્તો. મતભેદ હોય, મનભેદ હોય પરંતુ તેને દૂર કરવા માર, ઉત્પીડન, અપમાન, અભદ્ર ભાષા, દ્વેષ વગેરે વાસ્તવમાં કામ લાગે ખરાં ? દરેક નારીમાં માતાને જોઉં તો દોષનો ભાગીદાર હું ના થાઉં એ અભ્યર્થના છે.

**શેર આસ્વાદ**

વો નઝર કામિયાબ હો કે રહી, દિલ કી બસ્તી ખરાબ હો કે રહી... (ફાની બદાયુની)